# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૪-B તા.૨૧-૦૧-૨૦૨૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શાળા કક્ષાએ 'દિકરીના પ્રણામ દેશને નામ' કાર્યક્રમના આયોજન બાબત.

સંદર્ભ :- પત્ર ક્રમાંક એસએસ/ગ.એ/DSDN/ /૨૦૨૪-૨૫/૨૦૨૫/૨૨૨૭-૨૨૬૩ તા.૧૦-૦૧-૨૦૨૫

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું છે કે ભારત સરકારના બેટી બચાવો, બેટી પઢાવો ફલેગશીપ કાર્યક્રમને વેગ આપવા તથા કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે માટે દર વર્ષની જેમ ચાલુ વર્ષે તમામ મ્યુનિ. શાળામાં જાન્યુઆરી-૨૦૨૫ પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે 'દિકરીને પ્રણામ દેશને નામ' કાર્યક્રમનું આયોજન કરવાનું થાય છે. સદર કાર્યક્રમની સૂચના આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના તથા માર્ગદર્શન પ્રમાણે કાર્યક્રમની ઉજવણી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૧-૦૧-૨૦૨૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ડૉ. એમ.એમ.પટેલ, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩, ફેક્સઃ ૦૭૯-૨૩૨ ૩૮૪૦૪
E-mail: aspd-gcsess@gujarat.gov.in
Toll Free No.1800-233-7965

પત્રક્રમાંકઃએસએસ/ગ.એ./DSDN/૨૦૨૪-૨૫/૨૦૨૫/ ૨૨૨૧-૨૨૬૩ તા:૧૦/૦૧/૨૦૨૫.

પ્રતિ,
૧. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
સમગ્ર શિક્ષા, જિલ્લાઃતમામ.
૨. શાસનાધિકારી તમામ

**વિષયઃ શાળા કક્ષાએ "દિકરીના પ્રણામ, દેશને નામ" કાર્યક્રમના આયોજન બાબત.**
**સંદર્ભઃ ૧. અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃએસએસ/IEC/કોમ્યુ.મોબી./૨૦૨૪/ ૩૩૦૪૭-૮૫. તાઃ૩૧/૦૭/૨૦૨૪ ના પત્ર અન્વયે.**
**૨. માન.એસ.પી.ડીશ્રીની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.**

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ભારત સરકારના " **બેટી બચાઓ, બેટી પઢાઓ**" ફ્લેગશીપ કાર્યક્રમને વેગ આપવા તથા કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે માટે દર વર્ષની જેમ ચાલું વર્ષે રાજયની તમામ સરકારી શાળા તથા તમામ કેજીબીવી કક્ષાએ ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૫ "**પ્રજાસત્તાક દિન**" નિમિત્તે "**દિકરીના પ્રણામ, દેશને નામ**" કાર્યક્રમની ઉજવણીનું આયોજન કરવાનું થાય છે. સદર કાર્યકમની સૂચના સંદર્ભદર્શિત પત્ર અન્વયે આપ સૌને આપેલ છે. કાર્યકમનુ અમલીકરણ ખૂબ અસરકારક થાય તે હેતુથી જિલ્લા/તાલુકા/કલસ્ટર/ગ્રામ્ય કક્ષાએ મહતમ પ્રચાર-પ્રસાર કરવા નીચે મુજબની સૂચનાઓ આપની કક્ષાએથી સંબંધિતોને આપવા વિનંતી છે.

- જાન્યુઆરી-૨૦૨૪ થી જાન્યુઆરી-૨૦૨૫ દરમ્યાન જન્મેલી દિકરીઓને શાળા કક્ષાએ આમંત્રણ આપવું.
- આ કાર્યક્રમ માટે ગામની દિકરીઓ પૈકી જે દિકરીએ સૌથી વધુ શિક્ષણ મેળવેલ છે અને તે દિકરી હાલ ગામમાં રહેતી હોય તો તે દિકરીની પસંદગી કરી, તેને મુખ્ય અતિથિ બનાવી તેની પાસે ધ્વજવંદન કરાવવું.(ગામની દિકરીઓને વધુ પ્રોત્સાહન મળે તે માટે અત્યાર સુધી યોજાયેલ આ કાર્યક્રમ માટે જે તે વર્ષે પસંદગી પામેલ દિકરી સિવાયની દિકરીની પસંદગી થાય તેમ કરવું.) જો શાળામાં CWSN દિકરી હોય તો તેને પ્રથમ પસંદગી આપવી.
- સદર કાર્યક્રમના બહોળા પ્રચાર-પ્રસાર માટે જિલ્લા કક્ષાએથી પ્રિન્ટ મીડિયા અને ઈલેકટ્રોનિક મીડિયાનો ઉપયોગ કરવાનો રહેશે.
- સીઆરસી કો.ઓ.ને પોતાના કલસ્ટરની અને બી.આર.સી.કો.ઓ.ને પોતાના તાલુકાની તમામ શાળાઓના આયોજન અંગેની માહિતી મેળવી તમામ શાળાઓમાં કાર્યક્રમનું સમગ્ર આયોજન સુનિશ્રિત કરવા જણાવવું.
- સમગ્ર કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય તે માટે મદદનીશ જીલ્લા કો.ઓર્ડીનેટર- ક્યુ.ઇ.એમ. અને મદદનીશ જિલ્લા કો.આર્ડિનેટર-ગર્લ્સ એજયુકેશને સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે.

સદર કાર્યક્રમ પૂર્ણ થયા બાદ દિન (૧૦) માં પત્રક-(એ) અને પત્રક-(બી) માં જરૂરી માહિતી મદદનીશ જિલ્લા કો.આર્ડિનેટર-ગર્લ્સ એજયુકેશન દ્રારા gsi-gcsess@gujarat.gov.in ઇમેલ આઇ.ઇ.ડી પર અત્રે મોકલી આપવાની રહેશે.

## પત્રક-(એ)

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કુલ શાળાની સંખ્યા | જાન્યુઆરી-૨૦૨૪ થી જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાનમાં જન્મેલી દીકરીઓની સંખ્યા | જાન્યુઆરી-૨૦૨૪ થી જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન જન્મેલી દીકરીઓમાંથી હાજર દીકરીઓ તથા માતા-પિતાની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | દીકરી | માતા | પિતા | અન્ય | કુલ |
| | | | | | | | | | |

## પત્રક-(બી)

| Block Name | Cluster Name | Village Name | School Name | Name of Flag Hoisting Girl | When she left the school Date | CWSN (Yes/No) | Education Qualification | Category | Age | Designation/ current work | Contact No |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

(ડૉ. એમ.એમ.પટેલ )
એડી.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર

<u>સવિનય નકલ રવાના :</u>

- પી. એ. ટુ. માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

આચાર્ય
પત્ર જાવક :
......................પ્રાથમિક શાળા
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
તાઃ ૨૬મી જાન્યુઆરી-૨૦૨૫

વ્હાલી દીકરી ..................................................

આશા છે કે તમે (તું) સ્વસ્થ હશો (કુશળક્ષેમ હશો) અને પોતાના કુટુંબમાં પ્રત્યેક ખુશીનો આનંદ માણતા હશો. તમે તમારા જીવનનાં પહેલા વર્ષમાં છો અને તમારી કિલકિલાટથી (હાસ્યથી) તમારું ઘર આંગણું ગુંજી રહ્યું હશે. અમે તમને જણાવવા ઈચ્છીએ છીએ કે તમારા ઘરની નજીક જ એક શાળા છે જેમાં આવનાર વર્ષોમાં તમારા નાના–નાના પગલાં પડશે અને તમે કેટલાંય વર્ષ ત્યાં શિક્ષણ મેળવનાર છો.

તમને (તને) એ પણ જણાવવાં ઈચ્છીએ છીએ કે, અમે ૨૬ મી જાન્યુઆરીએ ભારત ગણરાજ્યનો ગણતંત્ર દિવસનો ઉત્સવ ઉજવીએ  છીએ. આ દિવસે ગામની સૌથી વધુ ભણેલી તમારી મોટી બહેન (દીદી) ધ્વજ વંદન કરશે અને આ ગણતંત્ર ઉત્સવને ઉજવવા બધા બાળકો, મોટેરાઓ ભાગ લેશે, તો હવે તમે પણ અહીંના નાગરિક છો તો આ ગણતંત્રના ઉત્સવમાં (પર્વમાં) તમારે ઉપસ્થિત રહેવું એ અતિ આવશ્યક છે.

આથી તમારી નજીકની શાળા તથા શાળા વ્યવસ્થાપન સમિતિ તમને આ ઉત્સવમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવીએ છીએ. તમને બેસવા માટેની વ્યવસ્થા સૌથી પહેલી હરોળમાં કરેલ છે, જેથી તમે કોઈપણ વિક્ષેપ વગર આ કાર્યક્રમને જોઈ શકો. આશા છે કે તમે આ કાર્યક્રમમાં સકુટુંબ પધારશો અને પોતાની નજીકની શાળામાં પહેલા ભ્રમણ કરશો. ખુબ ખુબ શુભ કામનાઓ સાથે ફરીથી વ્હાલભર્યું આમંત્રણ...

ઠંડી બહુ છે, પોતાની સંભાળ લેવી,આશા છે કે આ ૨૬ મી જાન્યુઆરીએ મુલાકાત અવશ્ય થશે."

દિકરી......................................................
સુપુત્રી શ્રીમતિ............................................
સુપુત્રી શ્રી.........................................
સરનામું ..........................................

આશીર્વાદ સાથે
તમારી નજીકની શાળા અને
તથા શાળા વ્યવસ્થાપન સમિતિ

આચાર્ય
પત્ર જાવક :
...................... પ્રાથમિક શાળા
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
તાઃ ૨૬મી જાન્યુઆરી-૨૦૨૫

વ્હાલી દીકરી ................................................

આશા છે કે આપ કુશળક્ષેમ હશો અને પોતાના કુટુંબમાં પ્રત્યેક ખુશીનો આનંદ માણતા હશો. આપને જણાવવાં ઈચ્છીએ છીએ કે ૨૬ મી જાન્યુઆરીએ ભારત ગણરાજ્યનો ગણતંત્ર દિવસ છે અને આપ દુનિયાના સૌથી મોટા લોક તંત્ર દેશના નાગરિક છો. અમે દર વર્ષે ૨૬ મી જાન્યુઆરીએ ગણતંત્રનો ઉત્સવ ઉજવીએ છીએ. જેમાં ગામની સૌથી વધુ ભણેલી દિકરી દ્વારા ધ્વજારોહણ કરાવીએ છીએ. ચાલુ વર્ષે અમોએ શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા શાળામાં ધ્વજારોહણ માટે આપની પસંદગી કરેલ છે જે શાળા અને ગામ માટે ખૂબ જ ગર્વની બાબત છે. આ ગણતંત્ર ઉત્સવને ઉજવવા બધા બાળકો, મોટેરાઓ ભાગ લેશે, તો આ ગણતંત્રના ઉત્સવમાં (પર્વમાં) આપને ઉપસ્થિત રહેવું એ અતિ આવશ્યક છે.

આથી, શાળા તથા શાળા વ્યવસ્થાપન સમિતિ આપને આ ઉત્સવમાં સહકુટુંબ ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવે છે. જેમાં ધ્વજારોહણ કરી ગામની અન્ય દિકરીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરશો તેવી આશા છે.

દિકરી......................................................

સુપુત્રી શ્રીમતિ..........................................

સુપુત્રી શ્રી.........................................

સરનામું ...........................................

આશીર્વાદ સાથે

આપની શાળા અને શાળા વ્યવસ્થાપન સમિતિ